Admin. In-charge
Dr. P.T. Jariwala

Hon.Secretary
Devang Nanavati

NAAC 'B' GRADE

# CITY C.U. SHAH COMMERCE COLLEGE

**GUJ.UNIV.Code : 045** **D.P. Code : 040** (Morning College)
Opp.DinbaiTower, Lal Darwaja, AHMEDABAD -380 001.(Guj.).Telefax : 079-25506930.
website:- www.citycomcollege.org e-mail :- citycomcollege@rediffmail.com

તા: 20/12/2024

**વિષય: "પુસ્તક જ્ઞાન પ્રતિભા શોધ કસોટી" પ્રિ. ટી. જે. રાણા ટ્રોફી વર્ષ 2024-25.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે અમારી સંસ્થા દ્વારા "પુસ્તક જ્ઞાન પ્રતિભા શોધ કસોટી" **પ્રિ. ટી. જે. રાણા ટ્રોફી વર્ષ 2024-25** માટે આયોજન કરવામાં આવે છે. આપની સંસ્થામાંથી બી.કોમ અથવા બી.બી.એ. ના **સેમેસ્ટર 6** માં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થીઓના વિદ્યાર્થીદીઠ ગુગલ ફોર્મ ભરવાના રહેશે, જેની લીંક કોલેજની વેબસાઈટ (www.citycomcollege.org) પર મુકેલ છે જે **તા. 31/12/2024** સુધીમાં ભરીને મોકલશો.

For Registration link:
https://forms.gle/spZvm5U9a57eEvFe6

આ સ્પર્ધાના વિષય અને નિયમ અંગેનો પરિપત્ર આ સાથે સામેલ છે.

સહકારની અપેક્ષા, આભાર સહ,

CITY C.U. SHAH C.C. CITY C.U. SHAH COMMERCE COLLEGE AHMEDABAD

P. T. Jariwala
આચાર્યશ્રી
Administrative In-charge
City C U Shah Commerce College
Lal Darwaja, Ahmedabad

# સિટી સી.યુ.શાહ કોમર્સ કોલેજ

## આંતર કોલેજ પુસ્તક જ્ઞાન પ્રતિભા શોધ કસોટી પ્રિ. ટી. જે. રાણા ટ્રોફી

| | |
|---|---|
| સ્પર્ધાની તારીખ | : 06/01/2025, સોમવાર (લેખિત પરીક્ષા) |
| સ્પર્ધાનો સમય | : સવારે 9 થી 11 |
| સ્પર્ધાનું સ્થળ | : સિટી સી.યુ.શાહ કોમર્સ કોલેજ, લાલદરવાજા. અમદાવાદ - 1. |
| સ્પર્ધામાં નામ મોકલવાની છેલ્લી તારીખ | : 31/12/2024 મંગળવાર |

**ખાસ સૂચનાઓ**

(1) આ સ્પર્ધામાં અમદાવાદ શહેરના કોમર્સ અને બી.બી.એ.ના સેમેસ્ટર-6માં ચાલુ વર્ષે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.

(2) આ સ્પર્ધામાં વધુમાં વધુ 3 વિદ્યાર્થીઓ જે તે સંસ્થામાંથી ભાગ લઇ શકશે. જે કોઈ **સંસ્થામાંથી ૩ થી વધારે ફોર્મ ભરાશે તે સંજોગોમાં પ્રથમ ત્રણ સ્પર્ધકોના ગુગલ ફોર્મજ માન્ય ગણાશે. જેની ખાસ નોંધ લેશો.**

(3) સ્પર્ધામાં યોજાનાર પરીક્ષા ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં આપી શકાશે.

(4) પરીક્ષા દરમ્યાન મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, કેલ્ક્યુલેટર વગેરે ઉપકરણો સાથે રાખી શકાશે નહી. માત્ર પાઠ્યપુસ્તકો અને સંદર્ભ પુસ્તકો જ સાથે રાખી શકાશે, અન્ય કોઈ પણ પ્રકારનું સાહિત્ય સાથે રાખી શકાશે નહી.

(5) લેખિત પરીક્ષાનું પ્રશ્નપત્ર 80 ગુણનું વિષયલક્ષી રાખવામાં આવશે. જે (Descriptive Questions) વર્ણનાત્મક પ્રશ્નોનું રહેશે.

(6) પરીક્ષામાં ઉત્તરવહી તેમજ પુરવણી કોલેજ તરફથી આપવામાં આવશે.

(7) આ સ્પર્ધાના પરીક્ષાના નિયમોમાં જરૂરી ફેરફાર કરવાની તેમજ અન્ય નિર્ણયો લેવાની સત્તા કન્વીનર પાસે રહેશે તથા તેમનો નિર્ણય આખરી ગણાશે. લેખિત પરીક્ષામાંથી પસંદ થયેલા વિદ્યાર્થીઓ માટે 20 ગુણનો વિષયલક્ષી મૌખિક ઈન્ટરવ્યૂ યોજાશે.

(8) આ લેખિત પરીક્ષાનું પરિણામ અને ઈન્ટરવ્યૂ અંગેની માહિતી તા. 16/01/2025 ના રોજ જાહેર કરવામાં આવશે અને પસંદ થયેલા વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યૂ માટે આમંત્રિત કરવામાં આવશે.

(10) આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવશે તેમજ પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ઇનામ વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. પ્રથમ આવનાર વિદ્યાર્થીની કોલેજને ટ્રોફી એક વર્ષ રાખવા દેવામાં આવશે.

(11) પરીક્ષા માટેની ટોપિક્સની યાદી

1) **બજારીય સંચાલન** (Marketing Management)
2) **માનવ સાધન સંચાલન** (Human Resource Management)
3) **ભારતીય નાણાકીય વ્યવસ્થા** (Indian Financial System)
4) **નાણાકીય સંચાલન** (Financial Management)

CITY C.U. SHAH C.C. — CITY C. U. SHAH COMMERCE COLLEGE AHMEDABAD


કન્વીનર : Prof. (Dr.) Alpa A. Thaker 9428423704 (Time: 8 am to 6 pm)
Prof. (Dr.) Gargi P. Patel 9925357539 (Time: 8 am to 6 pm)
Prof. (Dr.) Nilay V. Panchal 9601862842 (Time: 8 am to 6 pm)
Email: pjari66@gmail.com